# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-04-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Monday** **National News**

### આકાશવાણી સમાચાર રિદ્ધિ પંચાલ વાંચે છે.

***************************************************

- દેશની સંરક્ષણ ક્ષેત્રની નિકાસ વર્ષ 2023-24 માં 21 હજાર કરોડ રૂપિયાના આંકને વટાવી ગઇ છે.
- કેન્દ્રીય ચૂંટણીપંચે ભાજપના સાંસદ દિલીપ ઘોષ અને કોંગ્રેસના નેતા સુપ્રિયા શ્રીનેતને મહિલાઓ અંગે અનુચિત ટિપ્પણી કરવા માટે ઠપકો આપ્યો છે.
- ભાજપની ચૂંટણી ઢંઢેરા સમિતિની અને કોંગ્રેસની કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠકો આજે નવી દિલ્હીમાં યોજાઇ ગઇ.
- નાણા મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે આજથી શરૂ થયેલા નાણાકીય વર્ષમાં કર વ્યવસ્થામાં કોઈ નવા ફેરફાર કરવામાં આવ્યા નથી.
- સર્વોચ્ચ અદાલતે વારાણસીની જ્ઞાનવાપી મસ્જિદના ભોંયરામાં હિન્દુ પૂજા વિધિની પરવાનગી આપતાં વારાણસીની અદાલતના તેમજ મધ્યપ્રદેશના ભોજશાલા ખાતે વૈજ્ઞાનિક સર્વેક્ષણ સામે મનાઇ હુકમ આપવાનો ઇન્કાર કર્યો છે.
- હવામાન વિભાગે આ વર્ષના એપ્રિલ થી જૂન સુધીના સમયગાળામાં મધ્ય, ઉત્તર અને દક્ષિણ ભારતના ઘણા સ્થળોએ મહત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની સંભાવના દર્શાવી છે.

***********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# RAJNATH---DEFENCE-EXPORT

દેશની સંરક્ષણ ક્ષેત્રની નિકાસ વર્ષ 2023-24 માં 21 હજાર કરોડ રૂપિયાના આંકને વટાવી ગઇ છે.

સોશિયલ મીડીયા ઉપર સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે વધુમાં જણાવ્યું હતું કે આ વખતની નિકાસ અગાઉના નાણાકીય વર્ષની સરખામણીએ 32 ટકાનો વધારો દર્શાવે છે.

સંરક્ષણ મંત્રાલયે આ ક્ષેત્રે ઉત્પાદન અને નિકાસ વધારવા ઘણી પહેલો હાથ ધરી છે. આ ક્ષેત્રે જાહેર સાહસો અને ખાનગી ક્ષેત્રના એકમોએ  નોંધપાત્ર કામગીરી કરી છે.

. . . . . . . . . . . .

# ECI-GHOSH-SUPRIYA

કેન્દ્રીય ચૂંટણીપંચે ભાજપના સાંસદ દિલીપ ઘોષ  અને કોંગ્રેસના નેતા સુપ્રિયા શ્રીનેતને  મહિલાઓ અંગે અનુચિત ટિપ્પણી કરવા માટે ઠપકો આપ્યો છે. ચૂંટણીપંચે જણાવ્યું છે કે બંને આગેવાનોએ વ્યક્તિગત આક્ષેપ કર્યા છે, અને આદર્શ આચારસંહિતાનું ઉલ્લંઘન કર્યું છે.

ભાજપના સાંસદે બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી અંગે કરેલા નિવેદનને વખોડી કાઢતાં ચૂંટણી પંચે આદર્શ આચારસંહિતાને ધ્યાનમાં લઇને જાહેરમાં કરાતાં ઉચ્ચારણો અંગે સાવચેત રહેવાની ચેતવણી આપી છે.

એવી જ રીતે ચૂંટણી પંચે ભાજપના લોકસભાના ઉમેદવાર કંગના રનૌત  અંગે કોંગ્રેસના નેતા સુપ્રિયા શ્રીનેતે કરેલા અયોગ્ય ઉચ્ચારણો અંગે પણ ઠપકો આપતાં જાહેરમાં ઉચ્ચારણો કરતાં સાવચેતી રાખવા જણાવ્યું છે.

. . . . . . . . . . .

# EVE-BJP-MANIFESTO-MEETING

ભાજપની ચૂંટણી ઢંઢેરા સમિતિની પહેલી બેઠક આજે નવી દિલ્હી ખાતેના પક્ષના વડામથકે યોજાઇ ગઇ.

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહના વડપણ હેઠળની 27 સભ્યોની  ચૂંટણી ઢંઢેરા સમિતિની પહેલી બેઠક આજે યોજાઇ હતી. જેમાં લોકસભાની ચૂંટણી માટેના પક્ષના ચૂંટણી ઢંઢેરાના મુદ્દાઓ અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા થઇ હતી. આ બેઠકમાં પક્ષના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારમન અને અન્ય કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલ પણ જોડાયા હતા.

દરમિયાન કોંગ્રેસની કેન્દ્રીય ચૂંટણી સમિતિની એક બેઠક આજે દિલ્હીમાં  યોજાઇ ગઇ. આ બેઠકમાં લોકસભાની તેલંગણાની બેઠકોના ઉમેદવારો અંગે ચર્ચા વિચારણા કરાઇ હતી. પક્ષના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, વરિષ્ઠ નેતા સોનિયા ગાંધી, અને અન્ય આગેવાનોએ આ બેઠકમાં ભાગ લીધો હતો.

. . . . . . . . . . .

# FM-TAX

નાણા મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે આજથી શરૂ થયેલા નાણાકીય વર્ષમાં કર વ્યવસ્થામાં કોઈ નવા ફેરફાર કરવામાં આવ્યા નથી. મંત્રાલયે નવી કર વ્યવસ્થા અંગે સોશિયલ મીડિયા પર આપવામાં આવી રહેલી માહિતીને ગેરમાર્ગે દોરનારી ગણાવીને રદિયો આપ્યો છે. મંત્રાલયે કહ્યું છે કે નવી કર વ્યવસ્થા મુખ્યત્વે વ્યક્તિગત  કરદાતાઓને લાગુ પડે છે.

નવી કર વ્યવસ્થા હેઠળ, કરના દરો નોંધપાત્ર રીતે ઓછા છે અને પગારમાંથી 50 હજાર  અને કુટુંબ પેન્શનમાંથી  15 હજાર રૂપિયા જેવી વિવિધ છૂટ તેમજ રાહતો  જૂની  કર વ્યવસ્થામાં ઉપલબ્ધ હતી તે નવી કર વ્યવસ્થામાં ઉપલબ્ધ નથી. મંત્રાલયે કહ્યું કે કરદાતાઓ પોતાના માટે ફાયદાકારક હોય તે કર વ્યવસ્થા  પસંદ કરી શકે છે.

મંત્રાલયે વધુમાં જણાવ્યું હતું કે આવકવેરા આકારણી વર્ષ 2024-25 માટે રિટર્ન ફાઈલ ન થાય ત્યાં સુધી નવી કર વ્યવસ્થા પસંદ અથવા નાપંસદ કરવાનો વિકલ્પ ઉપલબ્ધ છે. કોઈ પણ વ્યવસાયિક આવક ન ધરાવતી વ્યક્તિઓને દરેક નાણાકીય વર્ષ માટે કર વ્યવસ્થા પસંદ કરવાનો વિકલ્પ રહેશે. કોઇ પણ વ્યક્તિ એક નાણાકીય વર્ષમાં નવી કર વ્યવસ્થા પસંદ કરી શકે છે અને બીજા નાણાકીય વર્ષમાં જૂની કરવ્યવસ્થાનો વિકલ્પ અપનાવી શકે છે.

. . . . . . . . . . .

# PM-MUMBAI VISIT

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મુંબઈમાં ભારતીય રિઝર્વ બેંકનાં 90 વર્ષ પૂર્ણ થવાનાં અવસરે આયોજિત સમારોહમાં સંબોધન કર્યું હતું. શ્રી મોદીએ આરબીઆઈના 90મા વર્ષની ઉજવણી નિમિત્તે સ્મારક સિક્કો પણ બહાર પાડ્યો હતો. રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ વર્ષ 1935માં 1લી એપ્રિલથી તેની કામગીરી શરૂ કરી હતી અને આજે 90માં વર્ષમાં પ્રવેશ કર્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ભારતે આગામી 10 વર્ષમાં આર્થિક રીતે આત્મનિર્ભર બનવાની જરૂર છે. જેથી કરીને વૈશ્વિક પરિબળોથી દેશને વધુ અસર ન થાય. આજે આપણે એવા તબક્કે પહોંચી ગયા છીએ, જ્યાં ભારતીય બેંકિંગ વ્યવસ્થાને વિશ્વની મજબૂત અને સ્થાયી બેંકિંગ વ્યવસ્થા તરીકે જોવામાં આવે છે.

આ પ્રસંગે બોલતા, RBI ગવર્નર શક્તિકાંત દાસે જણાવ્યું હતું કે, એક સંસ્થા તરીકે રિઝર્વ બેંકની ઉત્ક્રાંતિ ભારતીય અર્થતંત્રના વિકાસ સાથે ગાઢ રીતે સંકળાયેલી છે. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ અને નાણા રાજ્યમંત્રીઓ તેમજ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી તેમજ વિવિધ બેન્કો અને ઉદ્યોગોના પ્રતિનિધિઓએ પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

. . . . . . . . . . .

# REV.-MUST-ANNOUNCEMENT

# એક અગત્યની જાહેરાત

આકાશવાણી પરથી આજે રાત્રે સાડા નવ વાગે પ્રસારિત થનાર “પબ્લિક સ્પીક” ફોન ઇન કાર્યક્રમમાં “ આવકવેરા રીટર્ન પ્રક્રિયાનું સરળીકરણ ” અંગે ચર્ચા પ્રસારિત થશે. જેમાં આવકવેરા વિભાગના કમિશ્નર ધરમવીર સિંહ અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સંજીવ નારાયણ ભાગ લેશે.

આ કાર્યક્રમ દરમિયાન શ્રોતાઓ આવકવેરા રીટર્નને લગતાં પ્રશ્નો પુછી શકશે. જે માટેના ટેલીફોન નંબર આ મુજબ છે.

**011 - 23421050 અને 011 – 23314444**

આ ઉપરાંત વૉટ્સએપ નંબર **9289094044** પરથી પણ પ્રશ્નો પુછી શકાશે.

આ કાર્યક્રમ આકાશવાણીના ગોલ્ડ ચેનલ અને વધારાની ફ્રીક્વન્સીઓ પરથી આજે રાત્રે સાડા નવ વાગે પ્રસારિત થશે. આ ઉપરાંત આ કાર્યક્રમ ન્યૂઝ ઓન એર ડોટ જીઓવી ડોટ ઇન પરથી પણ સાંભળી શકાશે.

અગત્યની જાહેરાત પૂરી થઇ...

. . . . . . . . . . .

## SC---GYANVAPI

સર્વોચ્ચ અદાલતે વારાણસીની જ્ઞાનવાપી મસ્જિદના ભોંયરામાં હિન્દુ પૂજા વિધિની પરવાનગી આપતાં વારાણસીની અદાલતના ગત 31મી જાન્યુઆરીએ આપેલા આદેશ સામે મનાઇ હુકમ ફરમાવવાનો ઇન્કાર કર્યો છે.

મુખ્ય ન્યાયમૂર્તિ ડી.વાય.ચંદ્રચુડ અને ન્યાયાધીશ જે.બી.પારડીવાલા અને ન્યાયાધીશ મનોજ મિશ્રાની બનેલી બેન્ચે બંને પક્ષોને સંબંધિત સ્થળે બંને સમુદાયો ધાર્મિક વિધિ કરી શકે તે હેતુથી યથાવત સ્થિતિ જાળવી રાખવાનો આદેશ આપ્યો છે.

અદાલતે જણાવ્યું છે કે બંને સમુદાયો ધાર્મિક વિધિ કરી શકે તેવી વ્યવસ્થા આ કેસના આખરી ચુકાદા સુધી યથાવત રહેશે.

. . . . . . . . . . .

## REV.-SC-BHOJSHALA-SURVEY

સર્વોચ્ચ અદાલતે મધ્યપ્રદેશના ધાર જિલ્લામાં વિવાદસ્પદ ભોજશાલા ખાતે હાથ ધરાયેલા વૈજ્ઞાનિક સર્વેક્ષણ સામે મનાઇ હુકમ આપવાનો ઇન્કાર કર્યો છે.

ભારતીય પુરાતત્વ વિભાગ દ્વારા આ સર્વેક્ષણ હાથ ધરાયું છે. સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ ઋષિકેશ રોય અને પી.કે. મિશ્રાની બનેલી

બેન્ચે  વચગાળાના આદેશમાં જણાવ્યું છે કે સંબંધિત સ્થળે મોટો ફેરફાર થાય એ રીતે ખનન પ્રવૃત્તિ થવી જોઇએ નહીં.

આ ઉપરાંત સર્વોચ્ચ અદાલતે મધ્યપ્રદેશની વડી અદાલતના ભોજશાલા અંગેના આદેશને પડકારતી અરજીના સંદર્ભમાં નોટિસ જારી કરી છે.

ઉલ્લેખનીય છે કે ગત 11મી માર્ચે મધ્યપ્રદેશની વડી અદાલતે ભારતીય પુરાતત્વ ખાતાને મધ્યકાલીન ભોજશાળામાં વૈજ્ઞાનિક સર્વેક્ષણ હાથ ધરવાનો આદેશ આપ્યો હતો.  અદાલતે પુરાતત્વ ખાતાને સર્વેક્ષણ અંગેનો અહેવાલ છ સપ્તાહમાં વડી અદાલતમાં રજૂ કરવાનો પણ આદેશ આપ્યો હતો.

. . . . . . . . . . .

# MIRABAI-CHANU---OLYMPICS-2024

ભારતના વેઇટલિફ્ટર મીરાબાઇ ચાનુ આ વર્ષે પેરિસ ઓલિમ્પિક માટે ક્વોલિફાય થનાર પ્રથમ ભારતીય વેઇટલિફ્ટર બન્યા છે.

મીરાબાઈ 48 કિલોગ્રામની કેટેગરીમાં 184 કિગ્રા વજન ઉપાડી કવોલિફાય થયા છે. ઉલ્લેખનીય છે કે, ઈજા થયાના છ મહિના બાદ તેઓ ફરી સ્પર્ધા માટે તૈયાર છે.

ટોક્યો ઓલિમ્પિક્સ મેડલ મેળવનાર મીરાબાઈ ચાનુએ પેરિસ ઓલિમ્પિક માટે ક્વોલિફાય થવા ફરજિયાત વિશ્વકપ સ્પર્ધામાં 184 કિલો વજન ઉચક્યું હતું.

. . . . . . . . . . .

# GST---COLLECTION

માર્ચ 2024માં GST ની આવક 11.5 ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે એક લાખ 78 હજાર કરોડ રૂપિયા સાથે અત્યાર સુધીનું બીજું સૌથી વધુ કલેક્શન જોવા મળ્યું છે.

કેન્દ્રીય નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે, આ ઉછાળો સ્થાનિક વ્યવહારોમાંથી GST કલેક્શનમાં 17.6 ટકાના નોંધપાત્ર વધારાને કારણે થયો છે. ગયા નાણાકીય વર્ષ માટે સરેરાશ માસિક કલેક્શન એક લાખ 68 હજાર કરોડ રૂપિયા છે, જે પાછલા વર્ષના સરેરાશ એક લાખ 50 હજાર કરોડ રૂપિયાને વટાવી ગયું છે. મંત્રાલયે જણાવ્યું હતું કે, આ વર્ષે માર્ચ માટે રિફંડની GST રેવન્યુ નેટ એક લાખ 65 હજાર કરોડ રૂપિયા છે જે ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીમાં 18.4 ટકાની વૃદ્ધિ દર્શાવે છે.

. . . . . . . . . . .